દાવો દાખલ તારીખ : ૨૮–૧૦–૨૦૧૬

દાવો મળ્યા તારીખ : ૨૮–૧૦–૨૦૧૬

દાવો ફેસલ તારીખ : ૧૩–૦૧–૨૦૨૩.

સમયગાળો : વર્ષ માસ દિવસ

**પ્રિન્સીપાલ સીનીયર સીવીલ કોર્ટ લીમખેડા, મુ.લીમખેડા, જી.દાહોદ**

**સ્પે.દિ.મુ.નં.૧૨/૧૬.**
**આંક :– ૬૩**

**(૧) મર્હુમ છગનભાઈ મડીયાભાઈના વારસદારો**

**ટીટાભાઈ છગનભાઈ રાવતના વારસદારો**

| | | | |
|---|---|---|---|
| ૧/૧. | મેથલીબેન તે ટીટાભાઈ છગનભાઈ રાવતની વીધવા | ઉ.વ.૪૫, | ધંધો–ખેતી. |
| ૧/૨. | પ્રકાશભાઈ ટીટાભાઈ છગનભાઈ રાવત | ૨૪. | '' |
| ૧/૩. | પ્રવીણભાઈ ટીટાભાઈ છગનભાઈ રાવત | ૨૩. | '' |
| ૧/૪. | ધુળાભાઈ ટીટાભાઈ છગનભાઈ રાવત | ૨૨. | '' |
| ૧/૫. | સુસીલાબેન ટીટાભાઈ છગનભાઈ રાવત | ૧૮. | '' |
| ૧/૬. | સગીર મનહરભાઈ ટીટાભાઈ છગનભાઈ રાવત | ૧૧. | '' |
| ૧/૭. | સગીર વીકેશભાઈ ટીટાભાઈ છગનભાઈ રાવત | ૮. | '' |
| ૧/૮. | સગીર દર્શીકાબેન ટીટાભાઈ છગનભાઈ રાવત | ૧૪. | '' |
| (૨) | રંગલીબેન તે છગનભાઈ મડીયાભાઈ રાવતની વીધવા | ૬૫. | '' |

તમામ રહે. કુણધા પટેલ ફળીયા, તા.લીમખેડા જી.દાહોદ.

(૩) સેનાબેન તે છગનભાઈ મડીયાભાઈની પુત્રીં
અને નરેશભાઈ રુપસીંગભાઈ મોહનીયાની પત્નિ ૩૫. ''

રહે. દેવધા, તા.લીમખેડા જી.દાહોદ.

**વાદીઓ :–**

**વિરૂધ્ધ.**

**મર્હુમ સોનીયાભાઈ મડીયાભાઈ રાવતના વારસદારો**

(૧) વીરસીંગભાઈ બોડાભાઈ સોનીયાભાઈ રાવત ઉ.વ.પપ, ધંધો–ખેતી.

(૨) પર્વતભાઈ સોનીયાભાઈ રાવત ઉ.વ.૭પ, ધંધો–ખેતી.

રહે. કુણધા પટેલ ફળીયા, તા.લીમખેડા જી.દાહોદ.

**મર્હુમ વીરસીંગભાઈ સોનીયાભાઈ રાવતના વારસદારો**

(૩) ચતુરભાઈ વીરસીગભાઈ રાવત ઉ.વ.૩પ, ધંધો–ખેતી.

(૪) મથુરભાઈ વીરસીગભાઈ રાવત ઉ.વ.૩૨, ધંધો–ખેતી.

(પ) કેશાભાઈ વીરસીગભાઈ રાવત ઉ.વ.૨૨, ધંધો–ખેતી.

(૬) ચંચીબેન વીરસીગભાઈ રાવતની વીધવા ઓરત ઉ.વ.પપ, ધંધો–ખેતી.

તમામ રહે. કુણધા પટેલ ફળીયા, તા.લીમખેડા જી.દાહોદ.

(૭) કાળીબેન તે સોનીયાભાઈની દિકરી

અને ધુળીયાભાઈ દુબળાભાઈ નીનામાની પત્નિ ઉ.વ.૬૦, ધંધો–ખેતી.

રહે.ધુળીયા, તા.લીમખેડા જી.દાહોદ.

(૮) વજીબેન તે સોનીયાભાઈની દિકરી

અને ગમજીભાઈ ભાભોરની પત્નિ ઉ.વ.૬પ, ધંધો–ખેતી.

રહે. પોલીસીમળ, તા.લીમખેડા જી.દાહોદ.

(૯) કનુબેન તે સોનીયાભાઈની દિકરી

અને સોનીયભા મલસીંગભાઈ મકવાણાની પત્નિ ઉ.વ.૬૦, ધંધો–ખેતી.

રહે.ટોટાધાટી, તા.લીમખેડા જી.દાહોદ.

**મર્હુમ બચુભાઈ મડીયાભાઈ રાવતના વારસદારો**

**મર્હુમ નારસીંગ બચુભાઈ રાવતના વારસદારો**

(૧૦) અરવીંદભાઈ નારસીંગ રાવત ઉ.વ.૩૫, ધંધો–ખેતી.

(૧૧) ગુલાબભાઈ નારસીંગ રાવત ઉ.વ.૩૦, ધંધો–ખેતી.

(૧૨) રેવલીબેન તે નારસીંગ રાવતની વીધવા ઔરત ઉ.વ.૬૫,ધંધો–ખેતી.

તમામ રહે. કુણધા પટેલ ફળીયા, તા.લીમખેડા જી.દાહોદ.

(૧૩) મીનાબેન તેનારસીંગભાઈની દિકરી

અને અર્જુનભાઈ રામાભાઈ મુનીયાની પત્નિ ઉ.વ.૨૮, ધંધો–ખેતી.

રહે.ઢઢેલા, તા.લીમખેડા જી.દાહોદ.

(૧૪) પ્રતાપભાઈ બચુભાઈ રાવત ઉ.વ.પુખ્ત, ધંધો–ખેતી.

**મર્હુમ માનસીંગ મડીયાભાઈ રાવતના વારસદારો**

(૧૫) રામાભાઈ માનસીંગભાઈ રાવત ઉ.વ.૫૫, ધંધો–ખેતી.

(૧૬) વસુડીબેન તે માનસીંગભાઈ રાવત ઉ.વ.૭૫, ધંધો–ખેતી.

(૧૭) રામલીબેન તે માનસીંગભાઈ રાવતની વીધવા ઉ.વ.૭૦, ધંધો–ખેતી.

તમામ રહે. કુણધા પટેલ ફળીયા, તા.લીમખેડા જી.દાહોદ.

(૧૮) સામાબેન તે માનસીંગભાઈ રાવતની દિકરી ઉ.વ.૪૦, ધંધો–ખેતી.

અને સનેભાઈ ટીટીયાભાઈ પલાસની પત્નિ

રહે.દેવધી, તા.લીમખેડા જી.દાહોદ.

(૧૯) રેવલીબેન તે માનસીંગભાઈ રાવતની દિકરી ઉ.વ.૩૫, ધંધો–ખેતી.

અને સનુભાઈ કુરસીંગભાઈની પત્નિ

રહે.દેવધા, તા.લીમખેડા જી.દાહોદ.

(૨૦) જોખનીબેન તે મડીયાભાઈ રાવતની દિકરી ઉ.વ.૭૨, ધંધો–ખેતી.

અને ધનુભાઈ સોનીયાભાઈની પત્નિ

રહે.જાદાખેરીયા, તા.લીમખેડા જી.દાહોદ.

(૨૧) બોડીબેન તે મડીયાભાઈ રાવતની દિકરી ઉ.વ.૭૦, ધંધો–ખેતી.
અને ધોળકાભાઈ દલસુખભાઈ તડવીની પત્નિ
રહે.અંબા, તા.લીમખેડા જી.દાહોદ.

**પ્રતિવાદીઓ :–**

**બાબત:– દાવો રૂા.૪૬૫/– ના આંકથી ડેકલેરેશન તથા પાર્ટીશન તથા મનાઈ હુકમ માટેનો :–**

---

વાદી તર્ફે વિ.વકીલશ્રી એસ.જે.સોની

પ્રતિવાદી તર્ફે વિ.વકીલશ્રી જે.કે.ચૌહાણ

---

**:: જ જ મે ન્ટ ::**

(૧) વાદીના દાવાની ટુંકમાં હકીકત એવી છે કે, દાહોદ જીલ્લાના લીમખેડા તાલુકાના મોજે ગામ કુણધા ગામના ખાતા નં.૧૧૧ ના રે.સ.નં.૨,હે.૧–૧–૧૭ આકાર રૂા.૨.૨૫/– પૈસા ,રે.સ.નં.૧૧, હે.૦–૪૪–૫૨ આકાર રૂા.૧.૧૨/– પૈસા, રે.સ.નં.૧૫/૧, હે.૦–૩૯–૪૭ આકાર રૂા.૧.૧૮/– પૈસા, રે.સ.નં. ૧૧ ૮ , હે.૦–૯૩–૬૨ આકાર રૂા.૧.૧૩/– પૈસા,રે.સ.નં.૧૨૩,હે.૨–૭૪–૦૩ આકાર રૂા.૭.૫૯/– પૈસા, વાળી ૭૩ એ.એ.અથી નીયંત્રીત સત્તા પ્રકારની ખેતી ની જમીનો અમો વાદી તથા પ્રતિવાદીઓની સંયુકત માલીકી કબજા ભોગવટાની આવેલી છે.

સદર રે.સ.નં.૨,૧૧,૧૫/૧,૧૧૮,૧૨૩,ને હવેથી દાદાવાળી જમીન તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.

દાવાવાળી જમીનના મુળ માલીક માવજીભાઈ ભલજીભાઈ હતા તે અંગે રેવન્યુ રેકર્ડમાં ફેરફાર નોંધ નં.૨ નોંધવામાં આવી છે. ત્યાર બાદ માવજીભાઈ ભલજીભાઈ ગુજરી જતા તેમના દિકરા મડીયાભાઈ માવજીભાઈનુ નામ ફેરફાર નોંધ નં.૧૮૯ થી દાખલ થયેલ છે. જેના અમો પક્ષકારો સીધી લીટીના વારસદારો છીએ અમો વાદીઓ મર્હુમ મડીયાભાઈ માવજીભાઈ રાવતની સીધીલીટીના વારસદારો છીએ. જેથી રેવન્યુ રેકર્ડમાં ફેરફાર નોંધ નં. ૪૭૦ તા.૧૭–૧૨–૮૧ , ફેરફાર નોંધ નં. ૭૧૮ તા.૧૧–૧૦–૯૫ , ફેરફાર નોંધ નં. ૮૪૯ તા.૫–૧–૦૩ , ફેરફાર નોંધ નં. ૧૧૫૪ તા.૨૯–૩–૧૬ , ની વારસાઈ હકકે અમો વાદીઓ તથા પ્રતિવાદીઓના નામ રેવન્યુ રેકર્ડમાં દાખલ થયેલા છે. અમો પક્ષકારો એકજ કુટુંબના નજીકના સગા હોય અંદરો અંદર સમજુતીથી ખેતી કરીએ છીએ.રે.સ.નં.૧ ૨૩ માં અમો પક્ષકારોના ઘરો આવેલ છે.આ દાવાવાળી જમીનમાં અમારો વર્ષો જુનો કબજો ભોગવટો છે અને પાણી પત્રક અમારા નામે થાય છે. વેરો પણ અમો ભરીએ છીએ.દાવાવાળી જમીનની અમો પક્ષકારો વચ્ચે કાયદેસર વહેંચણી થયેલી નથી.

સને ૨૦૧૬ માં મે મહીનામાં પ્રતિવાદીઓ દાવાવાળી જમીન બાબતે અમો વાદીઓ સાથે ઝગડો તકરાર કરતા અમોએ પંચ ભેગુ કરી દાવાવાળી જમીનોનુ કાયદેસર વહેંચણી કરી આપવા જણાવતા પ્રતિવાદીઓએ ઈન્કાર કરેલ.ત્યાર બાદ દાવાવાળી જમીનોનુ સરખે હીસ્સે વહેંચણી કરી જણાવતા પ્રતિવાદીઓએ ઈન્કાર કરેલ હોય ત્યારથી ઉત્પન્ન થયેલ છે.

સબબ અરજ કે,

અ. દાહોદ જીલ્લાના લીમખેડા તાલુકાના મોજે કુણધાની સીમમાં ખાતા નં. ૧૧૧ માં આવેલ રે.સ.નં.૨,૧૧,૧૫/૧,૧૧૮,૧૨૩,વાળી જમીનોનુ અમો પક્ષકારો વચ્ચે અરસ નરસ પાર્ટીશન કરી આપી વાદીઓના ભાગે આવતી ૧/૪ ભાગની જમીનનો હીસ્સો અલગ કરી આપવાનુ હુકમનામુ કરી આપો.

બ. વીકલ્પે નામ.કોર્ટ કમીશનની નીમર્ણુક કરી દાવાવાવાળી જમીનોની અરસ નરસ વહેંચણી કરી આપી પ્રતિવાદીઓના ભાગે આવતી જમીનોનુ પાર્ટીશન કરી આપવાનુ હુકમનામુ કરી આપો.

ક. વાદીઓના ભાગે આવતી ૧/૪ ભાગની જમીનનો અમો વાદીઓને કબજો સોપ્યા બાદ તે જમીનમાં પ્રતિવાદીઓ જાતે કે તેમના માણસો, નોકરો એજન્ટો અમો વાદીઓને ખેતી કરતા હેલો હરકત કે અંતરાય કરે

કરાવે નહી તેવો કાયમી મનાઈ હુકમ પ્રતિવાદીઓ વિરુધ્ધ ફરમાવશો.

(૨) વાદીનો દાવો દાખલ થયા બાદ આ કામે પ્રતિવાદીને સમંસ તથા કારણ દર્શક નોટીસ કાઢવામાં આવેલ જે બજતા પ્રતિવાદીએ હાજર થઈ આંક–૧૨ થી તેમણે વાદીની દાવા અરજીની તમામ હકીકતોનો ઈન્કાર કરી વાદીનો દાવો તદ્દન ખોટો અને ઉપજાવેલી હકીકત વાળો હોય પ્રતિવાદીઓ ને કબુલ મંજુર નથી તેમ જણાવી ખરી હકીકતે જણાવેલ છે કે,વાદીએ દાવા અરજીમા વાદી નં.૧ નુ નામ ટીટાભાઈ બચુભાઈ હોવા છતા ગુ.છગનભાઈ મડીયાના વારસદાર તરીકે ટીટાભાઈ છગનભાઈ ખોટુ લખાવેલ છે. છગનભાઈ મડીયાના વારસમાં વાદી નં.ર અને ૩ છે. જયારે વાદી નં.૧ બચુભાઈ મડીયાભાઈના પુત્ર થાય છે. વાદી નં.ર અને ૩, ર૫ વર્ષથી દેવધા રહે છે જતા રહેવાનુ સ્થળ કુણધા લખાવેલ છે. આમ વાદી ચોખ્ખા હાથે આવેલા નથી. દાવાવાળી જમીનના દિશા ખુંટ ખોટા છે. પેઢીનામુ ખોટુ અને અધુરુ છે.વાદી નં.૧ બચુભાઈ મડીયાભાઈ તરીકે તેમના જન્મના દાખલા માં લખાવેલ છે છતા ટીટાભાઈ છગનભાઈ તરીકે દાવાવાળી જમીનમાં રેવન્યુ રેકર્ડમાં ખોટી રીતે વારસાઈ કરાવેલ છે. જમીનની વર્ષો પહેલા સ્થળ ઉપર વહેંચણી કરવામાં આવેલ છે તે વખતે વાદી નં.ર અને ૩ નાએ તેમના ભાગની માંગણી કરેલ નથી. મોએ વાદીઓ સાથે દાવાવાળી જમીનમાં કોઈ ઝગડો તકરાર કરેલ નથી. દાવાને સમય મર્યાદાનો બાધ છે.દાવાને નોન જોઈન્ડર ઓફ પાર્ટીઝ અને મીસ

જોઈન્ડર ઓફ પાર્ટીઝનો બાધ નડે છે. વાદીના દાવાને સપ્રેશન ઓફ મટીરીયલ ફેકટ કરેલ છે. સબબ હાલનો દાવો રદ્દ કરવા વિનંતી કરેલ છે.

(૩) આ કામે વાદી તર્ફે પોતાનો દાવો પુરવાર કરવા માટે નીચે મુજબના પુરાવા રજુ કરવામાં આવેલ છે.

**<u>મૌખીક પુરાવો :–</u>**

| | | |
|---|---|---|
| – | ટીટાભાઈ છગનભાઈનું સરતપાસનું સોગંદનામું. | આંક–૧૬ |
| – | હીંમતભાઈ ખાતરાભાઈનું સરતપાસનું સોગંદનામું. | આંક–૪૪ |

**<u>દસ્તાવેજી પુરાવો :–</u>**

| | | |
|---|---|---|
| ૧. | રે.સ.નં.૨ ની ગામ નમુના નં.૭ ની નકલ | આંક–૧૮ |
| ૨. | રે.સ.નં.૨ ની ગામ નમુના નં.૧૨ ની નકલ | આંક–૧૯ |
| ૩. | રે.સ.નં.૧૧ ની ગામ નમુના નં.૭ ની નકલ | આંક–૨૦ |
| ૪. | રે.સ.નં.૧૧ ની ગામ નમુના નં.૧૨ ની નકલ | આંક–૨૧ |
| ૫. | રે.સ.નં.૧૫/૧ ની ગામ નમુના નં.૭ ની નકલ | આંક–૨૨ |
| ૬. | રે.સ.નં.૧૫/૧ ની ગામ નમુના નં.૧૨ ની નકલ | આંક–૨૩ |
| ૭. | રે.સ.નં.૧૧૮ ની ગામ નમુના નં.૭ ની નકલ | આંક–૨૪ |
| ૮. | રે.સ.નં.૧૧૮ ની ગામ નમુના નં.૧૨ ની નકલ | આંક–૨૫ |
| ૯. | રે.સ.નં.૧૨૩ ની ગામ નમુના નં.૭ ની નકલ | આંક–૨૬ |

| | | |
|---|---|---|
| ૧૦. | રે.સ.નં.૧૨૩ ની ગામ નમુના નં.૧૨ ની નકલ | આંક–૨૭ |
| ૧૧. | ફેરફાર નોંધ નં.૨ ની નકલ | આંક–૨૮ |
| ૧૨. | ફેરફાર નોંધ નં.૧૬૭ ની નકલ | આંક–૨૯ |
| ૧૩. | ફેરફાર નોંધ નં.૧૯૮ ની નકલ | આંક–૩૦ |
| ૧૪. | ફેરફાર નોંધ નં.૪૭૦ ની નકલ | આંક–૩૧ |
| ૧૫. | ફેરફાર નોંધ નં.૭૧૮ ની નકલ | આંક–૩૨ |
| ૧૬. | ફેરફાર નોંધ નં.૮૪૯ ની નકલ | આંક–૩૩ |
| ૧૭. | ફેરફાર નોંધ નં.૧૧૫૪ ની નકલ | આંક–૩૪ |
| ૧૮. | ખાતા નં.૧૧૧ ના ઉતારાની નકલ | આંક–૩૫ |
| ૧૯. | ઘર વેરો ભર્યાની પહોંચ ઘર નં.૧૭૨ ની નકલ | આંક–૩૬ |

આ કામે વાદી તર્ફે આ સિવાય વધુ કોઈ મૌખીક કે લેખીત આધાર પુરાવા રજુ રાખેલ નથી.

(૪) આ કામે પ્રતિવાદી તર્ફે નીચે મુજબના પુરાવા રજુ કરવામાં આવેલ છે.

**<u>મૌખીક પુરાવો :–</u>**

–

**<u>દસ્તાવેજી પુરાવો :–</u>**

–

(૫)        વાદી તર્ફે તેમના વી.વ.શ્રી ધ્વારા આ સબંધેની મૌખીક દલીલો કરવામાં આવેલ છે તેમજ આ કામે પ્રતિવાદીઓ તર્ફે તેમના વી.વ.શ્રી ધ્વારા આ સબંધેની દલીલો કરવામાં આવેલ છે.

(૬)        આ કામે મારા પુરોગામી વિ.ન્યાયાધીશશ્રીએ આંક–૧૩ થી નીચે મુજબના મુદ્દાઓ ઘડેલ છે.

મુદ્દા નં.૧ :– શું વાદી પુરવાર કરે છે કે, વાદી દાવાવાળી મીલ્કતના સંયુકત માલીકી હકક ધરાવે છે. ?

મુદ્દા નં.૨ :– શું પ્રતિવાદી પુરવાર કરે છે કે, વાદીએ દાવાવાળી જમીનના રેવન્યુ રેકર્ડમાં ખોટી રીતે વારસાઈ કરાવેલ છે. ?

મુદ્દા નં.૩ :– શું વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ?

મુદ્દા નં.૪ :– શું હુકમ અને હુકમનામું ?

(૭)        ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો કારણો સહીત નીચે મુજબના છે.

મુદ્દા નં.૧ :–        નકારમાં.

મુદ્દા નં.૨ :–        નકારમાં.

મુદ્દા નં.૩ :–        નકારમાં.

મુદ્દા નં.૪ :–        આખરી હુકમ મુજબ.

**:: કા ર ણો ::**

(૮) આ કામે વાદી તરફે આંક–૧૬ થી ટીટાભાઈ છગનભાઈ રાવત નાએ સરતપાસનુ સોગંદનામુ રજુ કરેલ છે જે વંચાણે લેતા લેતા હુ વાદી નં.૧/૧ છુ. વાદી નં.ર મારી માતા થાય છે. વાદી નં.૩ મારી બહેન થાય છે તેનુ લગ્ન દેવધા ગામે થયેલ હોય તેની સાસરીમાં રહે છે. પ્રતિવાદીઓ મારા કુટુંબી થાય છે. અમો વાદીઓ તથા પ્રતિવાદીઓ મર્હુમ મડીયાભાઈ માવજીભાઈના સીધી લીટીના વારસ દારો છીએ.દાવાવાળી જમીનના મુળ માલીક માવજીભાઈ ભલજીભાઈ હતા તેઓ ગુજરી જતા મડીયાભાઈ માવજીભાઈની વારસાઈ કરવામાં આવેલ મડીયાભાઈ ને ચાર દિકરા હતા આ ચારેય દિકરાઓ વર્ષોથી અંદરો અંદર સમજુતીથી ખેતી કરતા આવ્યા છે. પરંતુ સ્થળ ઉપર કાયદસસર અલગ હીસ્સા કે ભાગ પાડવામાં આવેલ નથી.દાવાવાળી જમીનમાં અમારો વર્ષો જુનો કબજો ભોગવટો છે અને પાણી પત્રક અમારા નામે થાય છે. વેરો પણ અમો ભરીએ છીએ.દાવાવાળી જમીન ના અમો વાદી તથા પ્રતિવાદીઓ સંયુકત માલીક અને કબજેદાર છીએ.પરંતુ દાવાવાળી જમીનની અમો પક્ષકારો વચ્ચે કાયદેસર વહેંચણી થયેલી નથી.

સને ર૦૧૬ માં મે મહીનામાં પ્રતિવાદીઓ દાવાવાળી જમીન બાબતે અમો વાદીઓ સાથે ઝગડો તકરાર કરતા અમોએ પંચ ભેગુ કરી દાવાવાળી જમીનોનુ કાયદેસર વહેંચણી કરી આપવા જણાવતા પ્રતિવાદીઓએ ઈન્કાર કરેલ.ત્યાર બાદ દાવાવાળી જમીનોનુ સરખે હીસ્સે વહેંચણી કરી જણાવતા પ્રતિવાદીઓએ ઈન્કાર

કરેલ હોય ત્યારથી ઉત્પન્ન થયેલ છે. પ્રતિવાદીએ લેખિત જવાબમાં જણાવેલ છે તે જવાબની હકીકત ખરી નથી અમો વાદી નં.૧ મર્હુમ ટેટાભાઈ છગનભાઈના પુત્ર છીએ. દાવા અરજીમાં પેઢીનામાની હકીકત સાચી છે.

સદર સાહેદની ઉ.ત.પ્ર.વાદી તર્ફે વિ.વ.શ્રી જે.કે.ચૌહાણ ધ્વારા તરફે કરવામાં આવેલ છે. જેમાં હુ અભણ છુ. અમો દાવો લખાવવા વકીલ સાહેબની ઓફીસે મોહનભાઈ સુમાભાઈને લઈને ગયેલા. એ વાત ખરી નથી કે વાદી નં ૨ રંગલીબેન છગનભાઈ નાઓ દેવધર મુકામે રહે છે. એ વાત ખરી છે કે વાદી નં ૩ શેનાબેન છગનભાઈ મારી બહેન થાય છે અને તેઓનુ લગ્ન થઈ ગયેલ છે. એ વાત ખરી છે કે દાવો લખાવવા ગયા ત્યારે મારી માતા રંગલીબેન અને મારી બહેન શેનાબેનને લઈ ગયેલ. એ વાત ખરી છે કે દાવો દાખલ કર્યો ત્યારે રેવેન્યુ રેકર્ડમા મારી માતા રંગલીબેનનુ નામ દાખલ થયેલ ન હતુ. એ વાત ખરી છે કે દાવો દાખલ કર્યો ત્યારે પ્રતિવાદી બોડા સોનીચા, પર્વત સોનીચા ,ચતુર વીરસીંગના નામ રેવેન્યુ રેકર્ડે દાખલ થયેલ ન હતા. એ વાત ખરી છે કે દાવો દાખલ કર્યો ત્યારે મરહુમ વીરસીંગભાઈ સોનીચાભાઈ રાવતના વારસદારોની રેવેન્યુ રેકર્ડે વારસાઈ થયેલ ન હતી. એ વાત ખરી નથી કે મારા પિતાનુ નામ બચુભાઈ છે. એ વાત ખરી નથી કે સરકારી રેકર્ડ જેવા કે રેશન કાર્ડ, ચુંટણી કાર્ડ વગેરેમા મારુ નામ ટીટાભાઈ બચુભાઈ તરીકે ચાલે છે. એ વાત ખરી નથી કે બચુભાઈ મડીયાભાઈ ને વસ્તારમા

કોઈ બાળકો નથી. મડીયાભાઈ માવજીભાઈ મારા બાપાના બાપા થાય છે. એ વાત ખરી છે કે મડીયાભાઈ ને કુલ ચાર છોકરા જેમા (૧) બચુભાઈ (૨) માનસીંગભાઈ (૩) છગનભાઈ (૪) સોનીયાભાઈ છે. મારા દાદા મડીયાભાઈ માવજીભાઈ આશરે સાડી પીસતાલીસ વર્ષ પહેલા ગુજરી ગયેલા. બચુભાઈ પાંચ વર્ષ પહેલા ગુજરી ગયેલ છે. માનસીંગભાઈ ૬–૭ વર્ષ પહેલા ગુજરી ગયેલ છે. છગનભાઈ ૨૫ વર્ષ પહેલા ગુજરી ગયેલ છે. સોનીયાભાઈ ૬૦ વર્ષ પહેલા ગુજરી ગયેલ છે. એ વાત ખરી નથી કે મડીયાભાઈ એ તેમની હયાતી દરમ્યાન ચાર છોકરાઓને જમીનની વહેચણી કરી આપેલી હતી. એ વાત ખરી નથી કે બચુભાઈ ગુજરી જતા રેવેન્યુ રેકર્ડમા મારુ નામ ટીટાભાઈ બચુભાઈ તરીકે વારસાઈમા ચઢેલ છે. એ વાત ખરી નથી કે તકરારી જમીનમા મડીયાભાઈના ચાર છોકરાઓના સંતાનો ખેતી કરે છે તે જમીનોના ભાગો પાડી વચ્ચે પાળીયા કરવામા આવેલ છે. એ વાત ખરી નથી કે દરેક પોત પોતાના જમીનમા પોતપોતાના મકાન બનાવીને રહે છે. અમોએ તકરારી જમીનના ઝઘડા બાબતે આજદીન સુધી પોલીસમા કોઈ ફરીયાદ આપેલી નથી. એ વાત ખરી નથી કે અમો છગનભાઈના નહી પરંતુ બચુભાઈના છોકરા હોવા છતા ખોટુ પેઢીનામુ કરી છગનભાઈના છોકરા તરીકે અમોને બતાવેલ છે. એ વાત ખરી નથી કે દાવાની તકરારી જમીનમા ઘણા વર્ષો અગાઉ ભાઈઓ વચ્ચે વહેચણી થઈ ગયેલ છે અને પાળીયા પાડી જમીનને અલગ અલગ કરવામા

આવેલ છે. એ વાત ખરી નથી કે જમીનોની વહેચણી થઈ ગયેલ હોવા છતા હાલનો દાવો કરી ખોટી માંગણી કરેલ છે. એ વાત ખરી નથી કે દાવાવાળી જમીન મા અમારો ચોથો હીસ્સો લાગતો ન હોવા છતા દાવામા તે બાબતે ખોટી માંગણી કરેલ છે. એ વાત ખરી નથી કે સામાવાળાઓને હેરાન કરવા માટે ખોટો દાવો કરી ખોટી જુબાની આપુ છુ.

(૯) આ કામે વાદી તરફે આંક-૪૪ થી સાહેદ હીંમતભાઈ ખાતરાભાઈ કટારા નાએ સરતપાસનુ સોગંદનામુ રજુ કરેલ છે જે વંચાણે લેતા હુ પક્ષકારોને અળખુ છુ. મારી જમીન કુણધામાં આવેલી છે. મર્હુમ મડીયાભાઈ માવજીભાઈને હુ ઓળખુ છું તેમને ચાર દિકરા હતા તેઓ મર્હુમ મડીયાભાઈ માવજીભાઈની જમીનમાં સંયુકત રીખે ખેતી કરે છે. આજદિન સુધી મર્હુમ મડીયાભાઈ માવજીભાઈની જમીનમાં કાયદેસર કોઈ વહેંચણી થઈ નથી.

પક્ષકારો વચ્ચે ૨૦૧૬ માં તેમની જમીનો બાબતે ઝગડો તકરાર થતા પંચ ભેગુ કરવામાં આવેલ.પંચો રુબરુ ટીટાભાઈ છગનભાઈએ તેમના બાપ દાદાની જમીનોની વહેંચણી કરવા માંગણી કરતા અરવીંદભાઈ નારસીંગભાઈએ ઝગડો તકરાર કરી જમીનોનુ સરખે હીસ્સે વહેંચણી કરવાનો ઈન્કાર કરી દીધેલ હતો.

સદર સાહેદની ઉ.ત.પ્ર.વાદી તર્ફે વિ.વ.શ્રી જે.કે.ચૌહાણ ધ્વારા કરવામાં આવેલ છે. જેમાં એ વાત ખરી છે કે ટીટા છગન વીગેરેનાઓ તથા પ્રતિવાદીઓ

દાવાવાળી જમીનમાં વર્ષોથી પાળીઓ પાડીને ખેતી કરે છે. પક્ષકારો વચ્ચે ઝગડો થયેલ તે સમયે હુ પંચમાં ગયેલ હતો. પંચમાં કોઈ લખાણ કરેલ ન હતુ.

**પુરાવાનુ મુલ્યાંકન :–**

(૧) દાવાના કામે દાવાવાળી જમીનોને દાવા અરજીમાં વાદીઓએ જણાવેલ છે તે પરત્વે પ્રતિવાદીઓ તરફે રજુ થયેલ વાંધા જવાબમાં તકરાર લેવામાં આવેલ હતી પરંતુ જયારે પી.ડબલ્યુ–૧, ટીટાભાઈ છગનભાઈનો આંક–૧૬ થી પુરાવો રેકર્ડ થયો તયારે તેઓની ઉ.ત.માં દાવાવાળી જમીનો બાબતે એટલે કે, આ તમામ મીલ્કતો ગુ.મડીયાભાઈના નામે હતી કે કેમ ? તે પરત્વે કોઈ પ્રશ્ન પુછવામાં આવેલ નથી. તેમજ દાવા અરજીમાં જણાવ્યા સિવાય બીજી કોઈ મીલ્કત હતી કે કેમ ? તે પરત્વે પણ કોઈ પ્રશ્ન પુછવામાં આવેલ નથી. જેથી દાવાવાળી મીલ્કતો બાબતે તકરાર નથી અને તે બરાબર છે.

(૨) વાદી નં.૧ ટીટાભાઈ ના પિતાના નામ બાબતે પ્રતિવાદીએ તેના દાવા જવાબ તથા ઉ.ત.દરમ્યાન તકરાર લઈ પ્રશ્નો પુછેલ હતા પરંતુ, આ બાબતે પ્રતિવાદી તરફથી કોઈ આધાર રજુ કરેલ નથી. સબબ પ્રતિવાદીઓની આ તકરાર પુરવાર થતી નથી.

(૩) દાવાવાળી જમીનોના મુળ માલીક મડીયાભાઈ માવજીભાઈ હતા જે બાબતે પણ પ્રતિવાદીઓ તરફથી કોઈ તકરાર કરેલ નથી.સબબ મુળ માલીકી બાબતે વિવાદ

નથી. ગુ.મડીયાભાઈના અવશાન બાદથી મડીયાભાઈના ચાર દિકરા તથા બે પુત્રીઓ વારસદાર હતા જે બાબતે પણ પ્રતિવાદીઓને તકરાર નથી. તેમજ દાવા અરજીમાં તથા આંક–૧૬ ના પુરાવામાં રજુ કરેલ પેઢીનામા બાબતે પણ પ્રતિવાદી ઓને તકરાર નથી.

(૪) દાવાના કામે વાદીએ પાર્ટીશન( વિભાજન ) ની દાદ ગુજારેલ છે.જેથી દાવાના કામે વાદી તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા તથા મૌખિક પુરાવાનુ મુલ્યાંકન જરુરી છે.

(૪.૧)દાવાવાળી જમીન પરત્વે મુળ પુરુષ મડીયાભાઈ ૪૫ વર્ષ અગાઉ ગુજરી ગયેલ, બચુભાઈ મડીયાભાઈ ૫ વર્ષ અગાઉ, માનસીંગભાઈ મડીયાભાઈ ૬–૭ વર્ષ અગાઉ, છગનભાઈ ૨૫ વર્ષ અગાઉ, સીનીયાભાઈ ૬૦ વર્ષ અગાઉ ગુજરી ગયેલા નુ પી.ડબલ્યુ–૧, તેઓની ઉ.ત.માં જણાવે છે.

(૪.૨) આ હકીકતને ઘ્યાને લઈએ તો જયારે સોનીયાભાઈ ગુજરી ગયેલ તે સમયે દાવા વાળી જમીનના મુળ પુરુષ એટલે કે મડીયાભાઈ માવજીભાઈ હયાત હતા. સોનીયાભાઈના મરણ બાદ સોનીયાભાઈના વારસો પ્રતિવાદી નં.૧ થી ૯ નાઓએ દાવાવાળી જમીનના પાર્ટીશન બાબતે કોઈ તકરાર લીધેલ હોય તેમ જણાતુ નથી. તેમજ છગનભાઈ ૨૫ વર્ષ અગાઉ ગુજરી ગયેલ અને તેઓ જયારે હયાત હતા ત્યારે તેઓએ પણ દાવાવાળી જમીનનુ વિભાજન માંગેલ હોય તેમ રેકર્ડ ઉપર આવેલ નથી. તેમજ બચુભાઈ, માનસીગભાઈ , કે તેમની બહેનોએ વિભાજન

માંગ્યુ હોય તેમ બનેલ નથી. એટલે કે મડીયાભાઈ માવજીભાઈના પ્રથમ હરોળ ના વારસદાર એવા જોખનીબેન, બોડીબેન, બચુબેન, માનસીંગભાઈ, છગનભાઈ, સોનીયાભાઈ તેઓએ તેઓની હયાતીમાં કયારેય પણ દાવાવાળી જમીનના વિભાજનની માંગણી કરેલ નથી. જેથી મડીયાભાઈના સંતાનોનુ વર્તન જોતા તેઓ રોટલે અને કમાણીએ એક હતા.

સબબ અદાલતે માનવાનુ કારણ રહે છે કે દાવાવાળી જમીન સંયુકત હતી પરંતુ પી.ડબલ્યુ–ર હીંમતભાઈ ખાતરાભાઈનો પુરાવો જોતા ઉ.ત.માં જણાવે છે કે ટીટાભાઈ છગનભાઈ વીગેરે નાઓ તથા પ્રતિવાદીઓ દાવાવાળી જમીનમાં વર્ષો થી પાળી પાડીને ખેતી કરે છે. હાલના સાહેદનુ નામ જોતા તે પક્ષકારો સિવાયનો સ્વિતંત્ર સાહેદ છે. જેને પક્ષકારો સાથે કોઈ લેવા દેવા દાવાવાળી જમીન બાબતે નથી કે તે પક્ષકારોમાં હીત ધરાવનાર હોય તેમ પણ રેકર્ડ ઉપર આવેલ નથી. સબબ સાહેદનો પુરાવો દાવાના કામે મહત્વનો ગણી શકાય. અને તેવી હકીકત હોય પક્ષકારો વચ્ચે વર્ષોથી ખેતીની જમીનમાં પોતાનોભાગ મેળવી લીધેલ હોય તેને શેઢા પાળી કરેલ હોય તો પક્ષકારો તેવા તેમના ભાગે આવેલ જમીનમાં ખેતી કરે છે તેમ માનવાને કારણ રહે છે. આજ હકીકત / પુરાવાને બીજી રીતે જોવામાં આવે તો પક્ષકારોના વડવા એવા મડીયાભાઈના સંતાનોએ કયારે પણ દાવાવાળી જમીન પરત્વે વિભાજન માંગ્યુ નથી તેનુ કારણ હોઈ શકે. અન્યથા મડીયાભાઈની

હયાતીમાં તેમના સંતાનોએ વિભાજન માંગ્યુ હોત.આજ હકીકત પરત્વે પી. ડબલ્યુ–૧, ઈન્કાર કરે છે.

(૪.૩) દાવાવાળી જમીન પરત્વે દાવા અરજીના પેરા નં.૩ માં એવુ જણાવેલ છે કે, વારસાઈ હકકે વાદી પ્રતિવાદીઓનુ નામ રેવન્યુ રેકર્ડમાં દાખલ થયેલ અને પક્ષકારો અંદરો અંદર સમજુતીથી ખેતી કરીએ છીએ હવે જયારે પક્ષકારો વચ્ચે સમજુતી સધાઈ હોય ત્યારે પ્રતિવાદી વિભાજન કરવા બાબતે ના પાડે તે કેવી રીતે માની શકાય. ?

(૪.૪) સબબ દાવાવાળી જમીન પરત્વે પસ.ડબલ્યુ–૧ તેમની ઉ.ત.માં જણાવ્યા મુજબ પક્ષકારો દાવાવાળી જમીન વર્ષોથી પાળીઓ પાડીને ખેતી કરે છે તે હકીકતને દાવા અરજીં સમર્થન કરે છે.

(૪.૫) દાવાઅરજીનુ કથન તથા પી.ડબલ્યુ–ર નો પુરાવો જોતા વાદીનો સંયુકત હકક દાવાવાળી જમીનમાં આવેલ હોવાનુ પુરવાર થતુ નથી. સબબ મુદ્દા નં.૧ ની હકીકત વાદી પુરવાર કરી શકેલ ન હોય હુ **મુદ્દા નં.૧, પરત્વે મારો જવાબ નકારમાં ઠરાવુ છું.**

(૫) દાવા અરજીમાં કુલ રૂા.૪૬૫/– નો આંક બાંધેલ છે જયારે દાવાવાળી જમીનની બજાર કિંમત રુપીયા દસ લાખ છે તેમ જણાવેલ છે પરંતુ તે બાબતે કોઈ આધાર રજુ કરેલ નથી.

(૫.૧) દાવાવાળી જમીનનીસાફ સફાઈ બાબતે પ્રતિવાદી નં.૧૦ અરવીંદભાઈ નારસીંગે ફરીયાદ કરેલાનુ વાદી જણાવે છે પરંતુ તેવી કોઈ ફરીયાદ આ કામે રજુ કરેલ નથી.

(૫.૨) દાવાના કામે વાદીએ એવો આક્ષેપ કરેલ છે કે ,પ્રતિવાદીઓ વિભાજન કરવાની ના પાડે છે. પરંતુ વાદી તરફથી પ્રતિવાદીઓને નોટીસ આપી વિભાજન માંગવામાં આવ્યુ હોય તેવુ બનેલ નથી. ટુંકમાં વાદીએ નોટીસ આપેલ નથી. વિભાજનના દાવામાં પ્રતિવાદીઓને વિભાજન કરવા સબબ વાદીએ પોતાના ઈરાદાની જાણ સામાવાળા ઓને કરવી જરુરી છે.અને જો પ્રતિવાદીઓ તેનો ઈન્કાર કરે તો તેવા ઈન્કારથી તેવી મીલ્કતો પરત્વે વાદીને દાવો લાવવાનુ કારણ પ્રાપ્ત થાય છે. એટલે કે કોઝ ઓફ એકશન શરુ થાય છે પરંતુ અહી દાવાના કામે કોઝ ઓફ એકશન શરુ થયેલાનુ જણાતુ નથી. તેમજ આ કારણે વાદીનો દાવો અદાલતના મતે પ્રિમેચ્યોર જણાઈ આવે છે. આવા દાવાના કારણે નોટીસ આપવી જરુરી છે. તેનો ભંગ, તેવી દાદ પરત્વે કારણ ઉભુ કરતુ નથી.

(૫.૩) વાદીઓની વારસાઈ ખોટી કરેલ હોવા બાબતે પ્રતિવાદી દસ્તાવેજી પુરાવાથી તેમજ મૌખિક તકરાર પુરવાર કરી શકેલ નથી. સબબ **મુદૃા નં.૨, પરત્વે મારો જવાબ નકારમાં ઠરાવુ છું.**

(૬) ઉપરોકત તમામ ચર્ચા કર્યા મુજબ દાવાના કામે વાદીઓને દાવો લાવવા કારણ ઉત્પન્ન થયેલ ન હોય તેમજ પી.ડબલ્યુ–૨ ના પુરાવા તથા દાવા અરજીમાં પેરા

નં. ૨ , માં જણાવ્યા મુજબ પક્ષકારો અંદરો અંદર સમજુતીથી ખેતી કરતા હોય હવે તેવી સમજુતી પરત્વે વિભાજન કરવા સબબ દાદ મંજુર કરી શકાય તેમ નથી. તેમજ તે બાબતે પ્રતિવાદીઓ વિરુધ્ધમાં મનાઈ હુકમ પણ ફરમાવવો જરુરી તથા ન્યાયોચીત જણાતુ નથી. સબબ **મુદ્દા નં.૩, પરત્વે હું મારો જવાબ નકારમાં ઠરાવુ છું. જયારે મુદ્દા નં.૪, નીચે મુજબ છે.**

**–: આખરી હુકમ :–**

– વાદીનો દાવો ખર્ચ સહીત રદ્દ કરવામાં આવે છે.

– પ્રતિવાદીઓને થયેલ ખર્ચ પ્રતિવાદીએ પોતે ભોગવવુ.

હુકમ મુજબ હુકમનામુ દોરવુ.

હુકમ આજ તા.૧૩ માહે– જાન્યુઆરી, સને–૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૩/૦૧/૨૦૨૩.
લીમખેડા

**(ચૈતન્ય નવનિતલાલ મારફતીયા )**
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ
લીમખેડા
Code no.GJ00888